# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-12-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં ગુજરાતનાં ત્રણ સહિત 48 કલાકારોને રાષ્ટ્રીય હસ્તકલા પુરસ્કાર એનાયત કર્યા
2) રાજ્યમાં SIRની કામગીરીમાં પાંચ કરોડથી વધુ મતદારોની ચકાસણી પૂર્ણતાના આરે.
3) અમદાવાદ ગુના શાખાએ વટામણ બગોદરા ધોરીમાર્ગ પરથી 2 કરોડથી વધુના માદક પીણાંનો જથ્થો પકડ્યો
4) ગાંધીનગરની NFSUને ડિજિટલ ફોરેન્સિક્સમાં ઉત્કૃષ્ટતા માટે સતત ત્રીજા વર્ષે "DSCI શ્રેષ્ઠતા પુરસ્કાર" એનાયત
5) ક્રિકેટમાં, ઓડિશાના કટકમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે 5 મેચની T-20 શ્રેણીના પ્રથમ મુકાબલો.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PREZ-HANDICRAFTS AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં વર્ષ 2023 અને 2024 માટે રાષ્ટ્રીય હસ્તકલા પુરસ્કારો એનાયત કર્યા. ગુજરાતનાં ત્રણ સહિત 48 કલાકારોને આ પુરસ્કાર એનાયત કરાયા. કચ્છી બાંધણીના કલાકાર ગુલામહુસેન ઉમર ખત્રીને વર્ષ 2023 માટેના શિલ્પ ગુરુ શ્રેણીમાં પુરસ્કાર અપાયો. પુરસ્કાર પ્રાપ્ત કર્યા બાદ તેમણે પ્રતિક્રિયા આપી.

(બાઇટ : ગુલામહુસૈન ઉમર ખત્રી, બાંધણી કલાકાર)

વર્ષ 2023ના રાષ્ટ્રીય પુરસ્કારની શ્રેણીમાં રાજ્યના રોશન છીપા અને વર્ષ 2024ના રાષ્ટ્રીય પુરસ્કારની શ્રેણીમાં સુમિત ચિત્રાને સન્માનિત કરાયા છે.

આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કારો અસાધારણ કલાત્મક નિપુણતા અને ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર હસ્તકલા વારસાને જાળવવા તેમજ પ્રોત્સાહન આપવા માટે આપવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# SIR -OVERALL

રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ એટલે કે SIRની કામગીરીની સમયસીમાને હવે માત્ર બે દિવસ બાકી રહ્યાં છે ત્યારે આ ઝુંબેશના ગણતરીના તબક્કામાં રાજ્યના તમામ 5.08 કરોડ મતદારોની ચકાસણી પૂર્ણતાના આરે છે જ્યારે 17 જિલ્લાઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવી 100 ટકા કામગીરી પૂર્ણ કરી છે. જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારીઓની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી રહી છે. જિલ્લાવાર મુકવામાં આવેલી વિગતોમાંથી મતદારો પોતે પણ ચકાસણી કરી શકે છે.

પંચમહાલ જિલ્લામાં ડિજિટાઈઝેશનનું કામ 99.98 ટકા પૂર્ણ થયું છે. આગામી 16 ડિસેમ્બરે કાચી મતદાર યાદી જાહેર કરવામાં આવશે.

બીજી તરફ ભરૂચ નગર સેવા સદનની કચેરી ખાતે ચાલી રહેલ અંતિમ ચરણની કામગીરી અંગે વધુ માહિતી આપી રહ્યા છે જિલ્લા નાયબ ચૂંટણી અધિકારી પ્રદીપ જાખડ..

(બાઇટ –PRADIP JAKHAD - Deputy Election Officer)

. . . . . . . . . . . . .

# DCGA - INDIGO FLIGHT

તાજેતરમાં વ્યાપક ફ્લાઇટ વિક્ષેપ અને રદ થવાને કારણે , નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલય-DGCA એ ઇન્ડિગોને વિવિધ ક્ષેત્રોમાં તેની ફ્લાઇટમાં 5 ટકાનો ઘટાડો કરવાનો નિર્દેશ આપ્યો છે. આ રદ્દીકરણ અધિક માગ , આવૃતિ વાળી ફ્લાઇટ્સ પર લાગુ થાય છે. અને ઇન્ડિગો દ્વારા એક ક્ષેત્રમાં સિંગલ-ફ્લાઇટ કામગીરી ટાળવા માટે કરાયું છે. DGCA એ ઇન્ડિગોને આવતીકાલે સાંજે 5 વાગ્યા સુધીમાં સુધારેલુ સમયપત્રક રજૂ કરવા જણાવ્યું છે.

બીજી તરફ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથકે આવતી 17 અને જતી 13 એમ કુલ 30 ઉડાન રદ કરી છે. આજે ચાર વાગ્યા સુધીમાં કુલ 75 ફ્લાઇટનું સંચાલન કરવામાં આવ્યું છે. મુસાફરોની સુવિધા અંગે પણ કાળજી લેવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . .

# SLUM ELECTRIFICATION

ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ રાજ્ય સરકારે 10 લાખથી વધુ ગરીબોને વીજળીની સુવિધા પૂરી પાડી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે છેલ્લા 5 વર્ષમાં 84 કરોડ 99 લાખ રૂપિયાના ખર્ચે એક લાખ 52 હજાર 466 ઝૂંપડાઓનું નિઃશુલ્ક વીજળીકરણ કરાયું છે. આ યોજના માટે વર્ષ 2025-26માં ઝૂંપડા વીજળીકરણ યોજના માટે 16 કરોડ 17 લાખના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ઝૂંપડીઓમાં રહેતાં લોકોના ઘરોને વીજળી આપવા માટે રાજ્ય સરકાર દ્વારા 'ઝૂંપડા વીજળીકરણ યોજના ' અમલમાં છે. આ યોજના અંતર્ગત ઝૂંપડાઓમાં રહેનારાઓને નિઃશુલ્ક વીજ જોડાણ આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા વાર્ષિક આવક મર્યાદા છેલ્લા એક દાયકામાં 27 હજારથી વધારી દોઢ લાખ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# VIDESHI DAROO - AMDAVAAD

અમદાવાદ ગ્રામીણ ગુના શાખાએ વટામણ બગોદરા હાઇવે પરથી બે કરોડથી વધુનો વિદેશી માદક પીણાનો જથ્થો પકડી પાડ્યો છે. રાયપુર પાટિયા પાસે પોલીસના દરોડામાં આ જથ્થો પકડાયો છે. આ જથ્થો મોકલનાર રાજસ્થાનના ફતેહપુર સિકરીનો શખ્સ તેમજ આ મુદ્દામાલને લેનાર જામનગરનો એક શખ્સ બંને ફરાર છે જેની શોધખોળ ચાલુ છે. વધુ માહિતી આપી રહ્યા છે અમદાવાદ ગ્રામીણ ગુના શાખાના DYSP આસ્થા રાણા....

(બાઇટ – DYSP - AASTHA RANA )

બીજી તરફ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર પોલીસે માંડવા ટોલપ્લાઝા નજીક વાહનમાંથી વિદેશી માદક પીણાની 12 હજાર 261 બોટલો સહિત કુલ 51 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે 31 ડિસેમ્બરને ધ્યાનમાં રાખી સમગ્ર રાજ્યમાં હાલ પોલીસ દ્વારા કડક ચેકિંગ હાથ ધરાઈ રહ્યું છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# BHARUCH BLAST-UPDATE

ભરૂચની ઝઘડિયા GIDCની એક કેમિકલ કંપનીમાં વિસ્ફોટ થતાં એક કામદારનું મૃત્યુ નિપજ્યું છે. રસાયણિક પ્રક્રિયા દરમ્યાન થયેલા આ વિસ્ફોટને કારણે 2 કામદારો ગંભીર રીતે ઘવાયા હતા. બન્નેને સારવાર અર્થે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન એકનું મોત થયું હતું જ્યારે અન્ય એક કર્મચારી હાલ સારવાર હેઠળ છે.

ઘટનાની જાણ થતાં જ ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્ય વિભાગ તેમજ ઝઘડિયા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને કારણોની તપાસ શરૂ કરી છે.

. . . . . . . . . . . . .

# SUBHASH BRIDGE CLOSED

અમદાવાદનો સુભાષબ્રિજ આગામી 25 ડિસેમ્બર સુધી બંધ રહેશે. બ્રિજ પર તિરાડ પડવાની ઘટના મામલે મહાનગરપાલિકાએ તપાસ શરૂ કરી છે. વિવિધ સંસ્થાઓ અને નિષ્ણાંતો દ્વારા તપાસ કરવામાં આવી છે તેમજ ટેસ્ટિંગની કામગીરી પણ પ્રગતિમાં છે. ત્યારે હજુ પણ IIT મુંબઈ અને IIT રૂરકી તેમજ બ્રિજના અન્ય તજજ્ઞો પાસેથી પણ નિરીક્ષણ અને ચકાસણી કરવામાં આવનાર છે ત્યારે બ્રિજને અવરજવર માટે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

. . . . . . . . . . . . .

# RAILWAY -RAJKOT

રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ઓખા-પુરી અને પુરી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો ફેબ્રુઆરી માહિનામાં ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. રેલવેની યાદી અનુસાર આગામી 4 અને 11 ફેબ્રુઆરી , 2026 ના રોજ ઓખાથી ઉપડનારી ઓખા-પુરી એક્સપ્રેસ તથા 1 અને 8 ફેબ્રુઆરી , 2026 ના રોજ પુરીથી ઉપડનારી પુરી-ઓખા એક્સપ્રેસ ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા ટિટિલાગઢ , વિજયનગરમ થઈને ચલાવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# NFSU AWARD

ગાંધીનગર સ્થિત રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય- NFSUને ડિજિટલ ફોરેન્સિક્સમાં ઉત્કૃષ્ટતા માટે સતત ત્રીજા વર્ષે " DSCI શ્રેષ્ઠતા પુરસ્કાર" એનાયત કરાયો છે.

NFSU પરિસરમાં આવેલા સેન્ટર ઓફ એક્સેલન્સ ઇન ડિજિટલ ફોરેન્સિક્સને DSCI વાર્ષિક માહિતી સુરક્ષા સમિટ 2025માં પ્રતિષ્ઠિત "સરકારી સંસ્થાઓ દ્વારા અગ્રણી ડિજિટલ ફોરેન્સિક્સ ક્ષમતાઓ માટેનો પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યું છે. આ પુરસ્કારને સાયબર સુરક્ષા અને ડિજિટલ ફોરેન્સિક્સમાં ભારતની સર્વોચ્ચ માન્યતા માનવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી 7 દિવસ વાતાવરણ સૂકું રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે. ત્યારે આગામી 7 દિવસ ઠંડી વધવાની નહીવત શક્યતા છે.

દરમિયાન છેલ્લા 24 કલાકમાં કચ્છ જિલ્લાના નલિયામાં સૌથી ઓછું 10 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ કે દાસે જણાવ્યું, રાજ્યમાં ઉત્તર પૂર્વ થી પૂર્વના પવન ફૂંકાશે.

(બાઇટ : ડૉ.એ.કે.દાસ, નિયામક)

. . . . . . . . . . . . .

# CRICKET - IND VS SA T20

પુરુષ ક્રિકેટમાં, યજમાન ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે 5 મેચની T-20 શ્રેણીની પ્રથમ મેચ આજે ઓડિશાના કટકમાં રમાઈ રહી છે. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી છે.

છેલ્લા અહેવાલ પ્રમાણે ભારતના બે ઓવરમાં એક વિકેટે 7 રન થયા છે.

મેચ અગાઉ પ્રેસ કોન્ફરન્સમાં , ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે કહ્યું કે ભારતીય ટીમે 2024 આવૃત્તિ પછી તરત જ T20 વર્લ્ડ કપ 2026 માટે તૈયારી શરૂ કરી દીધી હતી.

. . . . . . . . . . . . .

# JANJAATI CHHATRA SAMMELAN

સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આયોજિત ત્રિદિવસીય પ્રદેશ જનજાતિ છાત્ર સંમેલન ‘જનજાતિ યુવાનાદ’માં રાજ્યમંત્રી જયરામ ગામીત ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે તેમણે આદિજાતિ જનનાયકોના આદર્શ જીવનમાંથી પ્રેરણા લઈ સદ્દગુણોને ગ્રહણ કરવા યુવાનોને અનુરોધ કર્યો.

મંત્રીશ્રીએ છેલ્લા ૩ દાયકાઓમાં રાજ્ય સરકાર દ્વારા છેવાડાના ગામ સુધી પહોંચી, જનજાતિય પ્રજા માટે કરાયેલા વિકાસકાર્યોની જાણકારી આપતા યુવાઓને શિક્ષણ અને વ્યવસાય ક્ષેત્રે આગળ વધવા તેમજ સમાજને મદદરૂપ થવા આહ્વાન કર્યું.

. . . . . . . . . . . . .